# દેશપ્રેમી

— કિરણ વૈષ્ણવ

ભારતના પ્રખ્યાત સત સ્વામી રામતીર્થ એક વાર જાપાન ગયા. તેઓ ત્યા ટ્રેનમા મુસાફરી કરી રહ્યા હતા. તેઓ જાપાનના જુદા જુદા શહેરમા ફરી રહ્યા હતા ત્યારે સ્વામી રામતીર્થ અનાજ ખાતા ન હતા. માત્ર ફળ જ ખાતા હતા. એક દિવસ એવુ બન્યુ કે બહુ જ શોધવા છતા તેમને ફળ ન મળ્યા.

ખૂબ જ ભૂખ લાગી હતી. ગાડી એક સ્ટેશન પર ઊભી રહી. સ્વામી રામતીર્થે ટ્રેનમાથી ઊતરીને આજુબાજુમા તપાસ કરી. પણ ફળ ક્યાય ન મળ્યા. તે પાછા પોતાના ડબ્બા પાસે આવ્યા. તેઓ એમ જ બોલી ગયા : 'જાપાન ફળની બાબતમા સાવ ગરીબ દેશ છે.' તેનો અર્થ એ કે જાપાનમા ફળોની તગી છે.



તે ડબ્બાની સામે ઊભેલા એક યુવાને તેમની આ વાત સાભળી. તે પોતાની પત્નીને ટ્રેનમા બેસાડવા આવ્યો હતો. તે સ્વામીજીની વાત સાભળીને દોડતો સ્ટેશનની બહાર ગયો અને એક ટોપલી ભરીને ફળ લઈ આવ્યો. તેણે સ્વામીજીએ કહ્યુ, 'આ ફળ લઈ લો, તમારે તેની જરૂર હતી.'

સ્વામીજીને થયુ, આ કોઈ ફળ વેચવાવાળો છે. સ્વામીજીએ ફળ લઈ લીધા. ખિસ્સામાથી પાકીટ કાઢોને પૂછ્ય, 'આની કિમત શુ છે ?'

યુવાને કહ્યુ, ‘એની કોઈ જ કિમત નથી, તે આપના માટે જ છે.’

સ્વામીજીએ ફળની કિમત લઈ લેવા ખૂબ જ આગ્રહ કર્યો.

યુવાન બોલ્યો, ‘તમે કિમત આપવા જ માગતા હો તો મારી વિનતી છે કે તમારા દેશમા જઈને કોઈને પણ ન કહેતા કે જાપાનમા સારા ફળ મળતા નથી. બસ આ જ તેની કિમત છે.’

સ્વામીજી જાપાનના એ યુવાનની વાત સાભળીને ખૂબ જ રાજી થઈ ગયા. તેમણે કહ્યુ, ‘જે દેશનો નાગરિક પોતાના દેશની આબરૂની જે રક્ષા કરતો હોય તે દેશ ખરેખર મહાન છે.

■